અરવલ્લીના માર્કેટયાર્ડમાં ખેત પેદાશ વેચાણ અર્થે ખેડૂતોનો જમાવડો, કોરોનાના ખોફ વચ્ચે આરોગ્યતંત્ર માર્કેટયાર્ડમાં તકેદારી લે તે જરૂરી

કોરોના વાઈરસના કહેર વચ્ચે શાળા કૉલેજ તેમજ મૉલ અને મલ્ટિપ્લેક્ષ બંધ રાખવાનો સરકારે નિર્ણય કર્યો છે તો બીજી બાજુ માર્કેટમાં હાલ ઘઉંની ખરીદી કરવામાં આવી રહી છે, પણ તકેદારીના ભાગરૂપે આરોગ્ય વિભાગ દ્વારા કોઈ જ પગલા ન ભરાયા હોય તેવું મોડાસા માર્કેટ યાર્ડમાં જોવા મળ્યું હતું. અરવલ્લી જિલ્લા માર્કેટ યાર્ડમાં કોરોના વાયરસ ના કહેર વચ્ચે ઘઉંની બંફર આવક થઈ રહી છે. મોડાસા માર્કેટ યાર્ડ ખાતે ઘઉં પ્રતિ મણા ૩૪૦ થી ૪૨૦ સુધી જોવા મળ્યો છે. એક તરફ કોરોના વાયરસ નો કહેર જોવામળી રહ્યો છે જેન લઈને રાજ્યનું આરોગ્ય વિભાગ સતર્કતા ના ભગ રૂપે પગલા ભરી રહ્યુ છે તો બીજી બાજુ માર્કેટ યાર્ડ જેવા ભરચક વિસ્તારમાં કોઈ પણ પ્રકારની તકેદારી ન લેવાતી હોય તેવુ જોવા મળી રહ્યુ છે. કોરોના સામે લડવા રાજ્ય સરકારે તાત્કાલીક અસરથી શાળાઓ, કોલેજો, સીનેમાઘરો અને અન્ય સ્થળો જ્યાં મોટી સખ્યામાં લોકો ભેગા થતા હોય તેવા સ્થળો બંધ કરવા આદેશ આપી દીધા છે. જોકે માર્કેટયાર્ડમાં આરોગ્ય વિભાગ ફરક્યુ ન તો કોઈ તકેદારી ના પગલા લેવાઈ રહ્યા છે. કોરોના દહેશત અને મંદીના માહોલ વચ્ચે હાલ તો ખેડૂતોની હાલત વધારે કોરોનાની ચીંતા છોડી તેમનો પાક વેચાય તેને મહત્વ આપી રહ્યા છે. આ વચ્ચે વેપારીઓની માંગ છે કે માર્કેટયાર્ડ ભરચક વિસ્તાર છે, જેને લઈને કૉરોના વાઈરસથી બચના આરોગ્ય વિભાગ તેમજ વહીવટીતંત્ર દ્વારા તકેદારીના પગલા લેવા જોઈએ.

સાબરકાંઠા - અરવલ્લીના દૂધ ઉત્પાદકોને માસિક પાંચ કરોડ વધુ મળશે

૨૧ માર્ચથી દૂધના ભાવમાં પ્રતિ કિલો ફેટમાં વધારો કરાશે

હિંમતનગર, તા. ૧૬

દૂધના વ્યવસાય પર નભતા સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના મળી અંદાજે ૩.૫૦ લાખથી વધુ દૂધ ઉત્પાદકોને આગામી તા. ૨૧ માર્ચથી દૂધના ખરીદ ભાવમાં કરાયેલા ભાવ વધારાને લઈને માસિક અંદાજે રૂ. ૫ કરોડથી વધુનો ફાયદો થશે જે મુજબ ભેંસના દૂધના ભાવમાં પ્રતિકિલો ફેટે રૂ. ૨૦નો વધારો થશે તેજ પ્રમાણે ગાયના દૂધમાં પણ રૂ. ૧૦ વધશે.

આ અંગે સાબરડેરીના ચેરમેન શામળભાઈ પટેલ, ડીરેક્ટર ડૉ. વિપુલ પટેલ અને એમ.ડી. ડૉ. બી.એમ. પટેલના જણાવાયા મુજબ સાબરડેરી દ્વારા સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના અંદાજે ૩.૫૦ લાખથી વધુ દૂધ ઉત્પાદકો દૂધના વ્યવસાય પર નિર્ભર છે ત્યારે તેમને ગાય અને ભેંસના દૂધના ભાવ વધુ પોષણક્ષમ મળે તે માટે ડેરીનું નિયામક મંડળ ચિંતિત હોય તે સ્વાભાવિક છે. વર્ષ ૨૦૧૯માં દૂધના પાવડરના ભાવમાં વૈશ્વિક મંદી આવી હોવા છતાં કેન્દ્ર અને રાજ્ય સરકારે દૂધ ઉત્પાદકોની પડખે રહી સબસીડી રૂપે ઓછુ નુકસાન થાય તેવા પ્રયાસ કર્યા હતા.

સાબરડેરી દ્વારા આગામી તા. ૨૧ માર્ચથી ગાયના દૂધના ભાવમાં રૂ. ૧૦નો વધારો કરાયો છે. જેથી ગાયનું દૂધ સ્થાનિક મંડળીઓમાં ભરાવતા દૂધ ઉત્પાદકોને પ્રતિકિલો ફેંટના રૂ. ૩૦૩ ને બદલે ૩૧૩.૬૦ (સમતુલ્ય) ચુકવાશે જો કે ગાયના દૂધના ભાવમાં સમતુલ્ય ભાવ મુજબ ચૂકવણી કરાય છે. તેજ પ્રમાણે ભેંસના દૂધનો ભાવ અત્યારે રૂ. ૭૧૦ ચૂકવાય છે જે તા. ૨૧ માર્ચથી રૂ. ૭૩૦ મુજબ ચુકવાશે. ડેરીના સૂત્રોના જણાવાયા મુજબ ગાય અને ભેંસના દૂધના ખરીદ ભાવમાં કરાયેલા વધારાને લઈને બંને જિલ્લાના દૂધ ઉત્પાદકોને માસિક અંદાજે રૂ. ૫ કરોડથી વધુનો ફાયદો થશે. યાદ રહે કે વર્ષ ૨૦૧૯માં દૂધની બનાવટોની નિકાસમાં આવેલી મંદીને લઈને દૂધ ઉત્પાદકોમાં અસમંજસ ફેલાઈ હતી જેથી વર્ષ ૨૦૧૯માં સાબરડેરી દ્વારા અંદાજે છ વખત દૂધના ભાવમાં વધારો કરાયો હતો.

સાબરડેરી દ્વારા પશુધન યોજનાનો પ્રારંભ

હિંમતનગર, તા. ૧૬

સાબરડેરી દ્વારા દૂધ ઉત્પાદકોને મદદરૂપ થવાના આશયથી પશુધન યોજનાનો સોમવારથી પ્રારંભ કરાયો છે જે અંતર્ગત હિંમતનગર તાલુકાના રાયગઢ દૂધ મંડળીના માધ્યમથી ખેડૂતોને એક અથવા બે દૂધાળા પશુઓ ખરીદવી માટે બેંકો દ્વારા ૮.૪૦ ટકાના વ્યાજે ધિરાણ અપાયું હતુ. જો કે સાબરડેરીએ ૪ ટકા વ્યાજ આપવાની જાહેરાત કરતા દૂધ ઉત્પાદકોને દૂધાળા પશુઓની ખરીદી માટે વાર્ષિક રૂ. ૪.૪૦ ટકા વ્યાજ ચૂકવવુ પડશે દરમિયાન રાયગઢના ૩૦ દૂધ ઉત્પાદકોને અંદાજે રૂ. ૨૧ લાખનો ચેક રાયગઢ દૂધ મંડળીને આપવામાં આવ્યો હતો.

મોડાસામાં શહેરીજનોને નિઃશુલ્ક આયુર્વેદિક ઉકાળો અને હોમીયોપેથી દવાનો ડોઝ અપાયો

મોડાસા, તા. ૧૬

કોરોના વાયરસથી દુનિયાભરમાં અત્યાર સુધીમાં ૧.૯૬ લાખથી વધુ લોકો સંક્રમિત થઈ ચૂકયા છે, જ્યારે ૬૫૦૦થી વધુ લોકો કોરોનાના પગલે મોતને ભેટી ચૂકયા છે. ભારતમાં અત્યાર સુધીમાં ૧૧૨ લોકો કોરોના વાઈરસથી સંક્રમિત થઈ ચૂકયા છે અને ૨ લોકોના મોત થયા છે. ગુજરાત સરકારે પણ રાજ્યમાં શોપિંગ મોલ, સ્કૂલ અને કોલેજ ૩૧મી માર્ચ સુધી બંધ રાખવાનો નિર્ણય કર્યો છે, હાલ આરોગ્ય વિભાગ કોરોના વાઈરસને લઈને પણ સતર્ક બન્યું છે. ત્યારે મોડાસા શહેરમાં આયુષ નિયામકની સુચનના સંદર્ભે અરવલ્લી આયુર્વેદ શાખા દ્વારા ડીપ વિસ્તારમાં ગણપતિ મંદિર નજીક, માલપુર રોડ પર સાંઈ મંદિર અને મેઘરજ રોડ પર આવેલા ઉમિયા મંદિર નજીક શહેરીજનોને કોરોના સામે રોગ પ્રતિકારક શક્તિ વધે તે માટે નિઃશુલ્ક આયુર્વેદિક ઉકાળો હોમિયોપેથી પ્રિવેન્ટીવ ડોઝ આપવામાં આવ્યો હતો જેમાં મોટી સંખ્યામાં શહેરીજનો ઉકાળો અને હોમિયોપેથીક દવાનો ડોઝનો લાભ લીધો હતો.



ધાનેરામાં પણ શાળા કોલેજો બંધ

ગુજરાતમાં કોરોના વાયરસ સામે તકેદારી અને સાવચેતીના આગોતરા પગલાં રૂપે રાજ્ય સરકારે કેટલાક મહત્વના નિર્ણયો કર્યા છે.રાજ્યમાં શાળા કોલેજો તથા શૈક્ષણિક સંસ્થાઓમાં શૈક્ષણિક કાર્ય આજ થી બે અઠવાડિયા માટે બંધ રહેશે.હાલમાં જે બોર્ડ પરીક્ષાઓ ચાલી રહી છે તે યથાવત રહેશે.રાજ્યના સિનેમા ઘરો સ્વિમિંગ પુલ પણ બંધ રહેશેરાજ્યમાં જાહેર સ્થળો એ થુકવા પર પ્રતિબંધ લાગુ કરવામાં આવ્યો છે એટલું જ નહિ જો કોઈ વ્યક્તિ આ પ્રતિબંધનો ભંગ કરશે તો ૫૦૦ રૂપિયાનો દંડ સ્થાનિક સ્વરાજ્ય ની સંસ્થાઓ દ્વારા કરવામાં આવશેરાજ્ય સરકારે તમામ ધાર્મિક સંસ્થાઓ સંપ્રદાયોને પોતાના મેળાવડાઓ ધર્મ કાર્યક્રમો આગામી બે સપ્તાહ સુધીના યોજવા પણ અનુરોધ કર્યો છે. ત્યારે કોરોના વાયરસને લઈ ગુજરાત સરકાર એક મોટો નિર્ણય લીધો છે જેમાં ગુજરાતની તમામ શાળા-કોલેજો અને આજથી ૩૧ માર્ચ સુધી બંધ કરી દેવામાં આવી છે ત્યારે બનાસકાંઠા જિલ્લાના ધાનેરા કંઈ પણ શાળા-કોલેજો બંધ જોવા મળી રહી છે તો બીજી તરફ ઉત્તર ગુજરાત યુનિવર્સિટી દ્વારા શરૂ થતી પરીક્ષાઓને પણ મોકૂફ રાખવામાં આવી છે ત્યારે વિદ્યાર્થીઓને પરિક્ષાની તૈયારી માટે વધુ ૧૫ દિવસનો સમય મળ્યો છે ત્યારે પંદર દિવસ બાદ જ ઉત્તર ગુજરાત યુનિવર્સિટી દ્વારા પરિક્ષાની તારીખ બહાર પાડવામાં આવશે

રાષ્ટ્રીય શૈક્ષણિક મહાસંઘની અરવલ્લી જિલ્લાની કારોબારી બેઠક યોજાઈ

રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ, અરવલ્લી જિલ્લાની પ્રાથમિક અને માધ્યમિક સંવર્ગની બેઠક યોજાઈ ગઈ. જેમાં ગુજરાત પ્રાંતના મહામંત્રી રતુભાઈ ગોળ અને માધ્યમિક સંવર્ગના ગુજરાતના અધ્યક્ષ રમેશભાઈ ચૌધરી, હે.ઉ.ગુ. યુનિ. શૈક્ષણિક સંઘના મહામંત્રી પ્રો. જગદીશ પ્રજાપતિ, મંત્રી પ્રો. ગોપાલ પટેલ, સા.કાં. સૈક્ષણિક મહાસંઘના મહામંત્રી અંકુરભાઈ દેસાઈ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ધર્મ જાગરણ, ગુજરાત પ્રાંતના પ્રમુખ મોહનભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહી સંગઠનના વિસ્તાર માટે માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.

આ બેઠકમાં રતુભાઈએ જણાવ્યું હતું કે આગામી ૨૧ માર્ચના રોજ ગાંધીનગર ખાતે મહારેલીનું આયોજન કરવામાં આવેલ છે, જેમાં ૪૨૦૦ ગ્રેડ પે, સી.સી.સી. મુદત માં વધારો કરી મૂળ તારીખથી ગ્રેડ પે આપો, એચ ટાટના પ્રશ્નોનો ઉકેલ, બાળકોની સંખ્યાનો રેશિયો ઘટાડવો, વધઘટ બદલીમાં ૫ કેમ્પ સુધી મૂળ શાળાનો લાભ, જૂની પેન્શન યોજના લાગુ કરવી, સાતમા પગાર પંચના બાકી ભથ્થા એરીયર્સ સહિત આપવા વગેરે માંગણીઓની રજૂઆત સરકાર સમક્ષ કરવામાં આવનાર છે. આ રેલીમાં અરવલ્લી જિલ્લામાંથી ૧૦૦૦થી વધુ શિક્ષકો જોડાશે, એવું જણાવ્યું હતું.

ધરાશાયી

● અનુસંધાન પહેલાનું ચાલુ

નિફ્ટી બેંક ઈન્ડેક્સમાં ૨૦૮૭ પોઈન્ટનો ઘટાડો રહ્યો હતો જેથી તેની સપાટી ૨૩૦૭૯ રહી હતી. નિફ્ટી મેટલમાં નવ ટકાનો ઘટાડો રહેતા તેની સપાટી ૧૭૩૪ રહી હતી. માર્કેટ બ્રીડ્થ આજે નકારાત્મક રહી હતી. બીએસઈમાં ૧૮૩૬ કંપનીઓના શેરમાં કારોબાર થયો હતો જેપૈકી ૧૪૧૦ શેરમાં મંદી અને ૩૩૦ શેરમાં તેજી રહી હતી. ૯૬ શેરમાં યથાસ્થિતિ રહી હતી. બ્રોડર માર્કેટમાં બીએસઈ મિડકેપમાં છ ટકાનો ઘટાડો રહેતા તેની સપાટી ૧૧૮૮૯ રહી હતી. બીએસઈ સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૬૬૬ પોઈન્ટનો ઘટાડો રહેતા તેની સપાટી ૧૧૦૯૫ રહી હતી. એસબીઆઈ કાર્ડ એન્ડ પેમેન્ટ સર્વિસના શેરની કિંમત નેશનલ સ્ટોક એક્સચેંજમાં ૭૫પના ઈશ્યુ કિંમત કરતા ૧૨.૪૫ ટકા ઘટીને ૬૬૧ રૂપિયા પર રહી હતી. બીએસઈમાં પણ ઈશ્યુ પ્રાઈઝની સામે ૧૩ ટકા ઘટીને તેની કિંમત ૬૫૮ રૂપિયા રહી હતી. ભારતમાં વિદેશી હુંડિયામણ ભંડોળનો આંકડો ૨૯મી ફેબ્રુઆરીના દિવસે ૪૭૬ અબજ ડોલરનો હતો જે વધીને હવે ૪૮૧ ડોલરની સપાટીએ પહોંચ્યો છે. આરબીઆઈ દ્વારા કરન્સી માર્કેટમાં લિક્વિડીટીને લઈને સાવચેતી રાખી છે. વિદેશી મુડીરોકાણકારોએ માર્ચ મહિનામાં ભારતીય બજારમાંથી નેટ આધાર પર ૩૭૯૭૬ કરોડ રૂપિયા પાછા ખેંચી લીધા છે. કોરોના વાયરસના કારણે વૈશ્વિક મંદી આવશે તેવા હેવાલ વચ્ચે વિદેશી મુડીરોકાણકારોએ જંગી નાણાં પાછા ખેંચી લીધા છે. બીજી માર્ચથી ૧૩મી માર્ચ વચ્ચેના ગાળામાં વિદેશી રોકાણકારોએ ઈક્વિટીમાંથી ૨૪૭૭૬.૩૬ કરોડની રકમ પાછી ખેંચી લીધી છે. જ્યારે ડેબ્ટ માર્કેટમાંથી ૧૩૧૯૯.૫૪ કરોડ રૂપિયા પાછા ખેંચી લીધા છે.

બદ્દતર સ્થિતિ

● અનુસંધાન પહેલાનું ચાલુ

છેલ્લા ૨૪ કલાકમાં ૩૬૮ લોકો મોતને ભેટ્યા છે, જ્યારે એક જ દિવસમાં ૩૫૯૦ નવા કેસ નોંધાય છે. આ સાથે જ ઈટાલીમાં અત્યાર સુધીમાં ૧૮૦૯ લોકોના મોત થયા છે અને ૨૪૭૪૭ લોકો પોઝિટિવ છે.

જર્મનીએ કોરોના વાઈરસના ફેલાવાને લઈને પાંચ દેશ સાથેની બોર્ડર બંધ કરી દીધી છે. જેમાં ફ્રાન્સ, ઓસ્ટ્રિયા, સ્વિત્ઝરલેન્ડ, ડેનમાર્ક અને લક્ઝમબર્ગનો સમાવેશ થાય છે. જર્મનીમાં પોઝિટિવ કેસની સંખ્યા ૪૮૩૮ થઈ છે. જાપાનમાં કોરોના વાઈરસના કુલ કેસ ૮૩૯ થયા અને મૃત્યુઆંક ૨૪ થયો છે.

કોરોના વાયરસના વધી રહેલા ખતરાને ધ્યાનમાં રાખીને ન્યૂયૉર્કમાં તમામ સ્કૂલો બંધ કરવામાં આવી છે. જેમાં કારણે આશરે ૧૧ લાખ બાળકોએ ઘરે બેસવું પડ્યું છે. શહેરના મેયર બિલ ડી બ્લાજિયોએ જાહેરાત કરી કે ૨૦ એપ્રિલ સુધી તમામ સ્કૂલો બંધ રહેશે. આ આદેશથી શહેરમાં આવેલી ૧૯૦૦ ખાનગી સ્કૂલો પ્રભાવિત થશે. અનેક ખાનગી સ્કૂલો પહેલાથી જ બંધ છે. સોમવાર સવાર સુધીમાં અહીં કુલ ૩,૭૩૭ કેસ સામે આવ્યા હતા.

સાબરકાંઠામાં ટેકાના ભાવે ઘઉં ખરીદવા ૮ કેન્દ્રો શરૂ કરાશે

અત્યાર સુધીમાં ૭૮૧ ખેડૂતોએ નોંધણી કરાવી

હિંમતનગર, તા. ૧૬

રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને ઘઉંના પોષણક્ષમ ભાવ મળે તે માટે ટેકાના ભાવે ઘઉંની ખરીદી કરવાનો નિર્ણય કર્યો છે. ત્યારે પુરવઠા વિભાગ દ્વારા સાબરકાંઠા જિલ્લામાં ગત વર્ષની જેમ આ વર્ષે ૮ ખરીદ કેન્દ્રો શરૂ કરવાનો નિર્ણય કર્યો છે. જે અંતર્ગત સોમવાર તા. ૧૬ માર્ચ ૨૦૨૦ સુધીમાં ફક્ત ૭૮૧ ખેડૂતોએ ટેકાના ભાવે ઘઉં વેચવા માટેનો રસ દાખવીને નોંધણી કરાવી છે.

આ અંગે સાબરકાંઠા પુરવઠા નિગમના સૂત્રો માંથી મળતી માહિતી મુજબ આ વર્ષે સાબરકાંઠા જિલ્લામાં અનેક ખેડૂતોએ અંદાજે દસ હજાર હેક્ટરથી વધુ જમીનમાં ઘઉંનું વાવેતર કર્યુ હતુ જે પાક તૈયાર થઈને અત્યારે બજારમાં વેચવા માટે આવી રહ્યો છે. કેટલાક ખેડૂતો પોતાની જરૂરીયાતને ધ્યાનમાં રાખીને તેને માર્કેટયાર્ડ અથવા તો ખાનગી વેપારીઓને અંદાજે રૂ. ૩૫૦ના આસપાસના ભાવે વેચી રહ્યા છે જો કે હજુ તો જિલ્લાના મોટાભાગના સ્થળે ઘઉંની કાપણી અને લણણીનું કામ શરૂ થયુ નથી કારણ કે ખેત મજૂરોની અછત હોવાને કારણે ખેડૂતો તેમની રાહ જોઈને બેઠા છે.

તો બીજી તરફ રાજ્ય સરકાર દ્વારા સાબરકાંઠા જિલ્લામાં ગત વર્ષની જેમ આ વર્ષે પણ ટેકાના ભાવે ઘઉંના ખરીદ કેન્દ્રો શરૂ કરવાનો નિર્ણય કર્યો છે જે મુજબ આ વર્ષે જિલ્લાના હિંમતનગર, પ્રાંતિજ, તલોદ, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા, વિજયનગર અને જાદર ખાતે ઘઉં ખરીદ કેન્દ્રો મારફતે ખેડૂતો પાસેથ ઘઉંની ખરીદી કરાશે. તેના માટે પુરવઠા નિગમ દ્વારા વજન કાંટો અને ઘઉં ભરવાના બારદાન મંગાવી લેવાયા છે એમ પુરવઠા વિભાગના અધિકારી જયંતિભાઈ પટેલનું કહેવું છે. આ વર્ષે ખેડૂતોએ ખાસ કરીને ઘઉંની વિવિધ જાતો જેવી કે ૪૯૬, લોકવન સહિત ખાનગી બિયારણોના ઉત્પાદકો પાસેથી બિયારણ લઈને વાવેતર કરીને માવજત કર્યા બાદ તેને પકવી તૈયાર કરી દીધા છે. ખાસ કરીને સાબરકાંઠા જિલ્લામાં અનેક પરીવારો બારે માસ ખાવા માટે ૪૯૬ જાતના ઘઉં પર પ્રથમ પસંદગી ઉતારે છે જેથી ઘઉંની સીઝનમાં વધુ ભાવ તેનો હોય તે સ્વાભાવિક છે.

આત્મનાદ

● ચોથા પાનાનું ચાલુ

ગુજરાત સૌથી સલામત રાજ્ય છે. ગુજરાતનો કાઈમરેટ માત્ર ૮.૨ ટકાની આસપાસ રહે છે. ધ નેશનલ કાઉન્સિલ ઓફ એપ્લાઈડ ઈકોનોમિક્સ રિસર્ચના અહેવાલ અનુસાર બેંગલોર અને મદ્રાસ પછી સુરત ભારતનું સૌથી અમીર શહેર છે. ગુજરાતની જીડીપી છેલ્લા દોઢ-પોણા બે દાયકાથી લગાતાર ૧૨ ટકાથી વધુ છે. ગૌરવ સાથે કહેવું પડે કે, ગુજરાતની જીડીપી ભારત અને ચીનની જીડીપી કરતાં પણ વધારે છે. એવરેજ ગ્રોથ રેટમાં ગુજરાત અવ્વલ છે. વર્કરદીઠ ઈન્ડસ્ટ્રીયલ આઉટપુટમાં ગુજરાત અગ્ર હરોળમાં છે. મગફળી અને કપાસના ઉત્પાદનમાં ગુજરાત નંબર વન છે. જીરૂ અને મસાલામાં ગુજરાત સર્વપ્રથમ છે. રોજગાર કેન્દ્રોમાં પ્લેસમેન્ટમાં ગુજરાત દેશમાં અગ્રેસર છે.

આગામી સમયમાં ગુજરાતનો સિનારીયો કંઈક આવો હશે, તમામ ગામો વાઈફાઈથી સજ્જ હશે. રાજ્યના તમામ જળાશયો નર્મદાના નીરથી છલકાતા હશે. દરેક ગુજરાતી ઘરની પાકી છત ઉપર રૂફટોપ સોલાર પેનલ લાગેલી હશે. મજબુત રોડ નેટવર્કથી આખે આખુ રાજ્ય કનેક્ટેડ હશે. એર, રેલ અને રોડ કનેકટિવિટિથી રાજ્યના પ્રત્યેક વિસ્તાર વિકાસથી ધમધમતા હશે. દરેક શાળા, મહાશાળા, કોલેજોમાં અદ્યતન શૈક્ષણિક સવલતો દ્વારા કૌષલ્ય નિર્માણ થતું હશે. હર હાથ કો કામ ઔર હર ખેત કો પાનીનો મંત્ર સાકાર થયેલો જોવા મળશે. આવતી કાલની આ નક્કર વાસ્તવિકતા હશે.

ગુજરાત હૃદયના ધબકારની ભૂમિ છે. સૌ ગુજરાતી બાંધવોના હૃદયમાં ગુજરાતના સંસ્કાર, પડકાર અને ધબકાર આદરપૂર્વક ઝીલાતો હોય છે. છાતી ફુલાવીને ગર્વથી કહો, 'હા હું ગુજરાતી છું મને ગર્વ છે કે, આ ગરવા ગુજરાતનો હું નાગરિક છું. મને પ્યારું મારું ગુજરાત, સૌથી ન્યારુ મારુ ગુજરાત...

શંકાસ્પદ કેસ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તૈયારીઓ દર્શાવવામાં આવી હોવાનું જિલ્લા વહીવટીતંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. આ ઉપરાંત ચિલોડા સ્થિત આર્મી કેમ્પના કર્નલ દ્વારા પણ અહિ આઈસોલેશન વોર્ડ અને હોમ કોરોન્ટાઈલ ફેસીલીટી સેન્ટર શરૂ કરવા માટેની દરખાસ્ત જિલ્લા કલેક્ટરને મોકલી આપી છે.

રાજીનામું...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગઈકાલે કોંગ્રેસના ચાર ધારાસભ્યએ રાજીનામા આપી દીધા બાદ આજે વધુ એક ધારાસભ્ય મંગળ ગાવિતે પણ રાજીનામું આપ્યું છે. આ સાથે જ કોંગ્રેસનું સંખ્યાબળ વિધાનસભામાં ૬૮એ પહોંચી ગયું છે. જ્યારે અન્ય ધારાસભ્યો પણ ભાજપના સંપર્કમાં હોવાની ચર્ચા ચાલી રહી છે. બીજી બાજુ ભાજપના ધારાસભ્યોની ગાંધીનગરમાં બેઠક યોજાશે. આ બેઠકમાં ભાજપ પોતાના ધારાસભ્યોની પણ સંખ્યા ગણશે અને માર્ગદર્શન આપશે. દરમ્યાન વિધાનસભા ગૃહમાં પહોંચેલા વિરોધપક્ષના નેતા ધાનાણીએ ભાજપ પર આકરા પ્રહારો કરતાં જણાવ્યું હતું કે, અમે હારી જઈશું પણ લોકશાહી બચાવવા લડી લઈશું. ૧૪ની રાત્રે ને ના ઘરે ભારોભાર તોલી લીધા. જ્યારે અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, ભાજપના શાસકો લોકશાહીની હત્યા કરવા નીકળ્યા છે. ભાજપના શાસકોએ ભ્રષ્ટાચારના જોરે કમાયેલા કરોડો રૂપિયાના સહારે કોંગ્રેસના ધારાસભ્યોને ખરીદી લોકશાહીના મૂલ્યોને ખતમ કરવાના હીન પ્રયાસો થઈ રહ્યા છે પરંતુ જયાં સુધી કોંગ્રેસના કાર્યકરો અને નીતિવાન નેતાઓ હયાત છે. કોંગ્રેસ લોકશાહીને બચાવવા છેક સુધી લડી લેશે. સીએમના બંગલે ૪ ધારાસભ્યોને રૂ.૬૫ કરોડમાં ખરીદવામાં આવ્યા છે.

સરપંચ હોઉં તો...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવકાર અંગેનો અહેવાલ લેખનનો પ્રશ્ન પુછાયો હતો. જયારે ગુજરાત સરકાર દ્વારા વાહન નોંધણી અંગે ચાર ગુણનો પ્રશ્ન પુછાયો હતો. સે-૨૩ સ્વામિનારાયણ હાઈસ્કુલના વિષય નિષ્ણાંત અરવિંદ વાઘરોડીયાના જણાંવ્યા મુજબ સામાન્ય વિદ્યાર્થી માટે આ પ્રશ્નપત્ર અઘરુ પુરવાર થયુ હતુ. જયારે હોંશિયાર વિદ્યાર્થીઓએ પણ સમજી વિચારીને જવાબ આપવા પડે તેવા પ્રશ્નો પુછાયા હતા. નવી પેપર સ્ટાઈલ પ્રમાણે સંપુર્ણ વર્ણાનાત્મક પ્રશ્નો પુછવામાં આવ્યા હતા. ધો-૧૦ માં ૫૬૮ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા જયારે જિલ્લામાંથી ૨૪૩૭૪ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જિલ્લામાંથી એક પણ કોપી કેસ નોંધાયો ન હતો.

આદેશ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

ટંડન તરફથી જારી નિર્દેશ મુજબ વિધાનસભા અધ્યક્ષને ૧૨ કલાકની અંદર જ ફ્લોર ટેસ્ટના આદેશ થવા જોઈએ. મધ્યપ્રદેશમાં હવે જોરદાર રાજકીય કટોકટી જોવા મળી રહી છે. બીજી બાજુ કોરોનાના લીધે કમલનાથ સરકારને અગાઉ રાહત મળી હતી.

ફુગાવો...

● અનુસંધાન પહેલાનું ચાલુ

જથ્થાબંધ ફુગાવો ૮૭.૮૪ ટકાથી ઘટીને ૬૦.૭૩ ટકા અને ડુંગળીનો જથ્થાબંધ ફુગાવો ૨૯૩.૩૭ ટકાથી ઘટીને ૧૬૨.૩૦ ટકા રહ્યો. આ દરમ્યાન શાકભાજીનો જથ્થાબંધ ફુગાવો ૫૨.૭૨ ટકાથી ઘટીને ૨૯.૯૭ રહ્યો છે.

ગયા સપ્તાહે સરકાર દ્વારા છૂટક ફુગાવાનાં આંકડાઓ પણ રજૂ કરવામાં આવ્યાં હતાં. અનાજની કિંમતોમાં ઘટાડો થતાં છૂટક ફુગાવો ફેબ્રુઆરીમાં ધીમો પડીને ૬.૫૮ ટકા પર આવી ગયો. ગ્રાહક ભાવ અનુક્રમણિકા આધારિત મોંઘવારી જાન્યુઆરી ૨૦૨૦માં ૭.૫૯ ટકા હતી. જ્યારે ફેબ્રુઆરી ૨૦૧૯માં આ આંકડો ૨.૫૭ ટકા હતો. રાષ્ટ્રીય આંકડાકીય કાર્યાલયનાં આંકડાઓ અનુસાર, ફેબ્રુઆરી ૨૦૨૦માં અનાજ ક્ષેત્રની મોંઘવારી ઘટીને ૧૦.૮૧ ટકા રહી કે જે જાન્યુઆરીમાં ૧૩.૬૩ ટકા હતી.

એપ્રિલમાં ભારતીય રિઝર્વ બેંક પોતાની દ્રિમાસિક નાણાંકીય નીતિ સમીક્ષામાં પ્રમુખ નીતિગત દરોની સમીક્ષા કરશે. આરબીઆઈએ છૂટક ફુગાવાનાં ચાર ટકા પર સીમિત કરવાનો લક્ષ્ય રાખ્યો છે. એવાં સમયમાં સરકાર દ્વારા ફુગાવાનાં આંકડાઓ રજૂ થવા એ મહત્વનું છે.

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી
વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, ગુજરાત સરકાર
બ્લોક-બી, ૭મો માળ, એમ.એસ. બિલ્ડીંગ,
સેક્ટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૧
ફોન નં. ૦૭૯-૨૩૨૫૯૩૬૨, ફેક્સ નં. ૦૭૯-૨૩૨૫૯૩૬૩
ઈ-મેલ : info-gujcost@gujarat.gov.in

એ.સી. માટે એન્યુઅલ મેન્ટેનન્સ કોન્ટ્રાક્ટ આપવા બાબત

આથી રસ ધરાવતા ઈલેક્ટ્રોનીકસ રીપેરીંગના જાણકાર કારીગરો / પેઢી / એજન્સી પાસેથી અત્રે ગુજકોસ્ટની કચેરીના ૧૪ સ્પ્લિટ એ.સી. તથા ૧૧ કેસેટ એસીની રીપેરીંગ તથા સર્વિસ માટે, તેમજ એસી લાઈનો પુરવા તથા પરચૂરણ રીપેરીંગ માટે અને વાર્ષિક મેન્ટેનન્સ માટે એજન્સીઓ પાસેથી ભાવપત્રકો મંગાવવામાં આવે છે. એજન્સીઓ ભાવપત્રક આપતા પહેલા કચેરીના ઉપરોક્ત સરનામે / રૂબરૂ મુલાકાત લઈ રીપેરીંગ કામગીરીનો અભ્યાસ કરી ભાવપત્રક આપવાના રહેશે. એજન્સીઓ તા. ૧૮/૩/૨૦૨૦થી તા. ૨૪/૩/૨૦૨૦ દરમિયાન ઓફીસ કામકાજ સમયમાં અત્રેની કચેરીની રૂબરૂ મુલાકાત લઈ શકશે. એજન્સીઓ દ્વારા મોડામાં મોડા તા. ૨૬/૩/૨૦૨૦ સુધીમાં ભાવપત્રક બંધ કવરમાં અત્રેની કચેરીને મોકલવાના રહેશે.

Date : 7th March,2020 Advisor & Member Secretary
માહિતી/૨૫૬૩/૧૯-૨૦ GUJCOST

GUJCOST : investing in Science : Investing in the Future !